

ગુજરાતમિત્ર

# શો ટાઈમ

ગુરુવાર ૨૧ મે, ૨૦૨૬




સેટ મેક્સની શાન અને મીમ્સની જાન:'સૂર્યવંશમ' Pg.2



જિંદગીને ગંભીર રીતે લેવાની જરૂર નથી: નવાઝુદ્દીન સિદ્દીકી Pg.4

# મૃણાલમાં મળ્યું બોલિવુડને બેબોનું રીપ્લેસમેન્ટ?



કોઈ વ્યક્તિ એક રીતની ભૂલ વારંવાર કરે તો તેની ક્યાં સુધી કોઈ અવગણના કરી શકે? જી હા, આપણે વાત કરીએ છીએ ટીવી પરથી રૂપેરી પડદા પર ચમકનારી મૃણાલ ઠાકુરની. ટેલીવિઝન પર મુજસે કુછ કેહતી હે ...યે ખામોશીયાં અને કુમકુમ ભાગ્ય થી પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર મૃણાલની પહેલી ફિલ્મ લવ સોનિયા હતી અને ત્યાર બાદ તેની સુપર ૩૦ અને બાટલા હાઉઝ પણ સફળ રહી હતી. પરંતુ, તેલુગુ ફિલ્મ સીતા રામમ અને હાઈ નન્નાથી તેની લોકપ્રિયતા વધી અને લોકો તેને ઓળખવા લાગ્યા. પરંતુ, કારકિર્દીની શરૂઆતથી જ મૃણાલ કઈ ને કઈ એવા વિધાનો આપતી રહી છે જે યોગ્ય ન હોય અને જેના કારણે તે વિવાદો માં ઘેરાય છે.

મૃણાલે તેના એક જુના વિડીઓમાં બિપાશા બસુ વિષે બોડી શેમીંગને લગતી અયોગ્ય ટીપ્પણી કરી હતી. ફિટનેસને લગતી ચર્ચામાં મૃણાલ બિપાશાને 'મેનલી વિથ મસલ્સ' કહે છે. જયારે આ વિડીયો બહાર આવ્યો હતો ત્યારે લોકો તરફથી મૃણાલે ટીકાઓ નો સામનો કરવો પડ્યો હતો. અંતે, મૃણાલને પોતાની ભૂલનો એહસાસ થયો અને તેણે ઓનલાઈન માફી માગતી પોસ્ટ મુકી હતી. તેણે જણાવ્યુ કે તે ફક્ત ૧૯ વર્ષની હતી જયારે તેણે આ કમેન્ટ કરી હતી. કદાચ તે યોગ્ય શબ્દો દ્વારા પોતાની વાત રજુ કરવામાં નિષ્ફળ રહી હતી. તો બીજી બાજુ બિપાશા બાસુએ મૃણાલનું નામ લીધા વગર એટલું જ કહ્યું કે 'સ્ટ્રોંગ સ્ત્રીઓ એકબીજાને આગળ લાવવામાં મદદરૂપ થાય છે.' આ વાત તો ઠીક છે કારણ કે ત્યારે તે ફક્ત ૧૯ વર્ષની હતી અને ઈન્ડસ્ટ્રીમાં નવી આવી હતી. પરંતુ,આગળ જતા મૃણાલે અન્ય અભિનેત્રીઓ વિષે અયોગ્ય ટીપ્પણી કરવાનું ચાલુ રાખ્યું. દીપિકા પાદુકોણની ફિલ્મ ગેહરાઈયાં રીલીઝ થવાની હતી ત્યારે એક ઈન્સ્ટાગ્રામ યુઝરે ફિલ્મમાં દીપિકાના ડ્રેસિંગ વિષે અયોગ્ય કમેન્ટ કરી હતી અને મૃણાલે તે કમેન્ટ લાઈક કરી હતી. એક એક્ટ્રેસ તરીકે જયારે કોઈ પોતાની સાથી એક્ટ્રેસના કપડાં વિષે અભદ્ર કમેન્ટ કરે અને તેને મૃણાલ સપોર્ટ કરે તે કેટલું યોગ્ય કહેવાય? આટલું જ નહિ, મૃણાલ જયારે તેની ફિલ્મના પ્રમોશન માટે સલમાન ખાનના શોમાં આવી હતી ત્યારે સલમાને જણાવ્યું કે ફિલ્મ સુલતાન માં તેની કો સ્ટાર તરીકે પહેલી પસંદ મૃણાલ હતી. પરંતુ તે પહેલવાન જેવી લાગતી ન હતી એટલે અનુષ્કાની પસંદગી કરવામાં આવી. આ વાત પર મૃણાલે પ્રતિક્રિયા આપી કે તે સમયે તેનું વજન ઘણું વધારે હતું. ત્યાર બાદ એક ઈન્ટરવ્યુમાં મૃણાલને જયારે તેણે રીજેક્ટ કરેલ ફિલ્મ કે જે આખરે સફળ રહી તેના વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કોઈનું પણ નામ લીધા વગર જણાવ્યું કે, 'મેં એવી ઘણી ફિલ્મો રીજેક્ટ કરી હતી કે જે અંતે સફળ થઇ હતી. અને તેનો ફાયદો જે તે એક્ટ્રેસ ને પણ થયો હતો. પરંતુ, અત્યારની પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે આમાં પણ મારી જીત થઇ છે, મને જ ફાયદો થયો

**એક ઈન્ટરવ્યુમાં કરીનાને પણ મૃણાલની જેમ જ કોઈએ તેણે રીજેક્ટ કરેલી ફિલ્મો વિષે પૂછ્યું અને તેણે પણ મૃણાલ જેવો જ જવાબ આપ્યો હતો. કરીના એ કહ્યું હતું કે, 'કારકિર્દીની શરૂઆતમાં કલ હો ના હો અને રામ લીલા રીજેક્ટ કરવાનો અફસોસ છે**

છે. કારણકે હાલમાં તે એક્ટ્રેસ કામ કરતી નથી અને હું હજી કામ કરી રહી છું. મને રાતોરાત પ્રસિદ્ધિ નથી જોઈતી, રાતોરાત સફળતા નથી જોઈતી. જે સફળતા અને પ્રસિદ્ધિ ઝડપથી મળે છે તે ઝડપથી જતી પણ રહે છે' અહી, મૃણાલ ફિલ્મ સુલતાનની અભિનેત્રી અનુષ્કા શર્મા વિષે વાત કરે છે તે સ્પષ્ટ ખબર પડે છે. આ બાબતને કારણે લોકોએ મૃણાલની ઘણી ટીકા પણ કરી કે,' મૃણાલને ફિલ્મના મળી તેનો અફસોસ તે જતાવી શકતી નથી એટલે જ અન્ય એક્ટ્રેસને નીચી બતાવીને આત્મસંતોષ મેળવી રહી છે. 'તો, અન્ય કોઈકે કહ્યું કે,' અનુષ્કાને ફિલ્મ સુલતાન મળી ત્યારે તે એક સફળ અભિનેત્રી બની ચુકી હતી. અને હાલમાં તેણે સ્વેચ્છાએ બ્રેક લીધો છે. જયારે તે સમયે મૃણાલને કોઈ જાણતું પણ ન હતું, એટલે અત્યારે મૃણાલ કામ કરતી હોય તો તેમાં આ ફિલ્મ કરવા કે ન કરવાની કોઈ વાત જ નથી આવતી. જો મૃણાલે તે ફિલ્મ કરી હોત તો તેને ચોક્કસ ફાયદો થયો હોત.' આમ, મૃણાલ કરતા લોકો વધુ સમજદાર છે કે મૃણાલ કોની વાત કરી રહી છે તે તેઓ સમજી જાય છે અને મૃણાલનો અન્ય અભિનેત્રીઓ તરફ જોવાનો અભિગમ પણ સમજે છે. માટે, હાલમાં મૃણાલ સોશિયલ મીડિયા પર ઘણી ટ્રોલ થઇ રહી છે.




ફિલ્મ ઈન્ડસ્ટ્રી માં અગાઉ કરીના કપૂરે પણ આવી વર્તણુક કરી હતી. ૨૦૦૦ના દાયકામાં કરીના કપૂર એ તેની કારકિર્દીની શરૂઆતમાં આવા જ પ્રકારની ટીપ્પણીઓ અન્ય એક્ટર્સ વિષે કરી હતી. તે સમયે કરીનાને આખાબોલી અને તોછડી માનવામાં આવતી હતી. ફિલ્મ અજનબીની તેની સહ અભિનેત્રી બિપાશા બાસુ વિષે કરીના એ અયોગ્ય કમેન્ટ કરી હતી અને તેને 'કાળી બિલ્લી' કહી હતી. આ ઉપરાંત, કોફી વિથ કરનમાં કરીના એ જોન એબ્રાહમને 'એક્પ્રેશનલેસ' ગણાવ્યો હતો અને કહ્યું હતું કે તેને સલમાન ખાનની એક્ટિંગ ગમતી નથી. વળી, કરીના એ પ્રિયંકા ચોપરાની બોલી વિષે પણ સવાલ ઉઠાવ્યો હતો જેના કારણે તેના અને પ્રિયંકા વચ્ચે ઘણા સમય સુધી ઠંડુ યુદ્ધ ચાલતું રહ્યું. એક ઈન્ટરવ્યુમાં કરીનાને પણ મૃણાલની જેમ જ કોઈએ તેણે રીજેક્ટ કરેલી ફિલ્મો વિષે પૂછ્યું અને તેણે પણ મૃણાલ જેવો જ જવાબ આપ્યો હતો. કરીના એ કહ્યું હતું કે, 'કારકિર્દીની શરૂઆતમાં કલ હો ના હો અને રામ લીલા રીજેક્ટ કરવાનો અફસોસ છે પરંતુ, અન્ય એક્ટ્રેસની કારકિર્દી સફળ બનાવવામાં મદદ કરીને તેને ખુશી છે.'

આમ, મૃણાલ પણ કરીનાની જેમ ઈતિહાસનું પુનરાવર્તન કરતી હોય એવું લાગે છે. કરીનાની જેમ મૃણાલ પણ અન્ય અભિનેત્રીઓ વિષે મન ફાવે તે કમેન્ટ કરે છે જો કે ઉંમર સાથે કરીના મેચ્યોર બની છે અને તેના કારણે વિવાદો સર્જે છે. શરૂઆત માં ભલે મૃણાલે પોતે કરેલી કમેન્ટ માટે માફી માંગે છે પરંતુ, ત્યારબાદ પણ તે અન્ય અભિનેત્રીઓ વિષે અયોગ્ય કમેન્ટ કરવાનું ચાલુ જ રાખે છે . જાણે કરીના ની જેમ મૃણાલને પણ પોતે કરેલી કમેન્ટ માટે કોઈ પસ્તાવો થતો નથી. જો આમ જ, ચાલતું રહેશે તો કદાચ ભવિષ્ય માં ફિલ્મ ઈન્ડસ્ટ્રીને બીજી કરીના મૃણાલ ના રૂપમાં ચોક્કસ મળી રહેશે. •

# પ્રિયંકા પર્સમાં રાખે છે હનુમાન ચાલીસા

પ્રિયંકા ચોપરા એ હાલમાં તેની રોજીંદી પર્સનલ બેગમાં શું રાખે છે જે વિષે આપણને એક ઝલક આપી. પ્રિયંકા કે જે નિખાલસ, ક્લાસી અને પ્રમાણિક રહેવા માટે જાણીતી છે, તેણે પોતાનું એક વ્યહારિક અને ઊંડી સમજણપૂર્વકનું પાસું દર્શાવ્યું. પ્રિયંકા પોતાના પર્સમાં જે સૌથી અલગ વસ્તુ જે રાખે છે તે છે કાળો દોરો કે જેને તે ભારતીય પરંપરા પ્રમાણે રક્ષણાત્મક કવચ તરીકે વર્ણવે છે. તે વ્લોગમાં જણાવે છે કે, 'ભારતમાં, આપણે કાળો દોરો પહેરીએ છીએ જે નઝર બટ્ટુ તરીકે કામ કરે છે. ભારતમાં, અમે માનીએ છીએ કે તે દુષ્ટતાને દુર રાખે છે. મને તેને પહેરવાનું ગમે છે. તમે પોતાની રક્ષા માટે આનાથી વધુ શું કરી શકો?'

એ પોતાના પર્સમાં રોજીંદી જરૂરિયાતની વસ્તુઓ જેવીકે પરફ્યુમ, હેરસ્પ્રે, અને સનગ્લાસીસ રાખે છે. આ ઉપરાંત, હનુમાન ચાલીસાની નાની બુક જેવી આધ્યાત્મિક વસ્તુ પણ રાખે છે. તે હનુમાન ચાલીસા બતાવીને કહે છે, 'હનુમાનજીની સ્તુતિ જેમાં કરવામાં આવી છે તે આ હનુમાન ચાલીસા સામાન્ય રીતે તમારે દરરોજ વાંચવાની હોય છે. હું તે દરરોજ વાંચી શકતી નથી, પરંતુ, બને તેટલો પ્રયત્ન કરું છું. મન લાગે છે કે મારા પ્રવાસમાં તે મારી રક્ષા કરે છે. તેના પર્સમાં ભાવનાત્મક મૂલ્ય ધરવતા ૨૦૧૮ ના તેના પતિ નીક જોનાસ સાથેના ફોટા પણ છે. તે પોતાની સાથે ડાઘ દૂર કરવાવાળી પેન પણ સાથે રાખે છે. 'હું મારી સાથે હંમેશા ટાઈડ પેન રાખું છું. કોઉંચરમાં મેં અગાઉ મારા ગોલ્ડન ગ્લોબ્ઝ ડાયોર પર પીઝા ખાતી વખતે ડાઘ લગાવી દીધા હતા.' આ ઉપરાંત, તેને એલર્જી થયા પછી તેણે પોતાના પર્સમાં એક એપીપેન નો ઉમેરો પણ કર્યો છે.' 'મને આ વર્ષે એલર્જી થઇ હતી, એટલે મારી બેગમાં આ એક મેડીસીનનો ઉમેરો થયો છે. હું તમને કહી શકીશ નહિ કે મને શેનાથી એલર્જી થાય છે. કારણકે આ વાત બધા જાણે તે હું ઈચ્છતી નથી. આ ઉપરાંત, મને અસ્થમા પણ છે એટલે હું સાથે ઈન્હેલર પણ રાખું છું.' •



# મેં હું ના સૈફ ને ઓફર કરાઈ હતી

સૈફ અલી ખાને હાલમાં જણવ્યું કે શાહરૂખ ખાને એક વખત 'મેં હું ના' ફિલ્મ માટે તેનો સંપર્ક કર્યો હતો. અહી, નોંધવા જેવું છે કે, શાહરૂખ અને સૈફ અલી ખાન 'કલ હો ના હો' ફિલ્મ સાથે કાર્ય પછી લગભગ બે દાયકા બાદ 'કર્તવ્ય' ફિલ્મ માં સાથે આવી રહ્યા છે. પરંતુ, આ વખતે બંને ની ભૂમિકા અલગ છે. અગાઉ બંનેએ કો એક્ટર તરીકે સાથે કામ કર્યું હતું, જયારે 'કર્તવ્ય'માં શાહરૂખ ખાન પ્રોડ્યુસર તરીકેની ફરજ બજાવી રહ્યો છે અને સૈફ મુખ્ય ભૂમિકામાં છે.

બોલિવ્લોગ વિથ પૉપ

સૈફને એક ઈન્ટરવ્યુંમા પૂછવામાં આવ્યું કે શું શાહરુખની ફિલ્મ આવે ત્યારે તે રોમાંચ અનુભવે છે? આ સવાલનો જવાબ આપતા સૈફ ૨૦૦૦ ના દાયકાનો એક રસપ્રદ કિસ્સો આપની સાથે શેર કરે છે. તે જવાબ આપે છે કે, 'હા ચોક્કસ. અલબત્ત,તેણે મને એક વાર 'મેં હું ના' માટે ફોન પણ કર્યો હતો. 'મેં હું ના' ફિલ્મમાં મારા માટે સારી મહત્ત્વની ભૂમિકા છે.' ત્યાર બાદ, તે ફિલ્મના નિર્માતા ફરાહ ખાને તેને ફોન કરીને જણાવ્યું કે તે શાહરૂખે ફક્ત મજાકમાં આ વાત કરી હતી.

ફરાહ ખાન દ્વારા ડીરેક્ટ કરાયેલી ૨૦૦૪ની આ ફિલ્મ માં શાહરુખ ખાન, સુષ્મિતા સેન, સુનીલ શેટ્ટી, ઝાયેદ ખાન અને અમૃતા રાવ મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મ તે વર્ષની મોટી હીટ સાબિત થઇ હતી. આ ઉપરાંત, સૈફ શાહરૂખ ખાનના પ્રોડક્શન હાઉઝ રેડ ચીલીઝ વિષે વાતુંમાં જણાવે છે કે તેઓ રસપ્રદ પ્રોજેક્ટ હાથમાં લે છે. 'આ એક અદ્ભુત પ્રોડક્શન હાઉઝ છે અને મને લાગે છે કે રેડ ચીલીઝમાં તેઓ રસપ્રદ અને રોમાંચક પ્રોજેક્સ લે છે. આવી ઓફર મળવી એ જ સારી વાત છે.' વર્ષોથી સૈફ અને શાહરૂખ 'કલ હો ના હો' જેવી યાદગાર ફિલ્મોથી તેમને વચ્ચેની ઓન સ્ક્રીન કેમેસ્ટ્રી શેર કરી છે કે જેના રોહિત અને અમન નામના તેમના પત્રો ઘણા લોકપ્રિય બન્યા હતા, અને હવે 'કર્તવ્ય'માટે પણ તેમને સાથે કામ કરતા જોવા માટે લોકોમાં નવી ઉત્સુકતા જોવા મળે છે. •



# આશાજી જેમી લીવરના વ્યક્તિત્વનો એક ભાગ છે

જેમી લીવરે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમા મિમિક્રી, કોમેડી, ફિલ્મ ઉદ્યોગમાં રહેલી અસલામતી અને મહિલા હાસ્ય કલાકારો સામે આવતા પડકારો વિષે ઘણી વાતો કરી. વાતચીતમાં જેમીએ જણાવ્યું કે પીઢ ગાયિકા આશા ભોસલે એક એવી સેલીબ્રીટી છે જેની તે ગમે ત્યારે સહેલાઈથી નકલ કરી શકે છે. મિમિક્રી તેના વ્યક્તિત્વનો કેટલો ઊંડો ભાગ બની ગઈ છે તે વિષે રમુજી રીતે બોલતા તે કહે છે કે, 'હું જયારે પણ સામાન્ય રીતે હસું છે ત્યારે મારી માતા હમેશા કહેશે કે તું આશાજીની જેમ કેમ હસે છે? હું તેમની નકલ કરવાનો પ્રયત્ન કરતી નથી, પરંતુ, મને લાગે છેકે તેઓ મારો એક ભાગ જ છે.'

જેમી તેના પિતા, પીઢ અભિનેતા અને હાસ્ય કલાકાર જોની લીવર તરફથી મળતી સલાહ પર પ્રતિબિંબ પાડે છે. તેઓ કહે છે કે 'વિદ્યાર્થી બનવું અને શીખતા રહેવું. ૭૦ વર્ષની ઉમરે પણ તેઓ શીખી રહ્યા છે. તેના પિતા વારંવાર તેને પરેશ રાવલ પાસેથી શીખેલી એક વાત યાદ અપાવે છે.' આપણે જે જાણીએ છીએ તે કરીએ છીએ પરંતુ, આપણે તે કરવું જોઈએ જે નથી જાણતા.' જ્યારે જેમીને પૂછવામાં આવ્યું કે કયા બોલીવુડ અભિનેતા મુખ્યત્વે કોમેડિયન તરીકે જાણીતા ન હોવા છતાં તેમનો કોમિક ટાઈમિંગ ઘણો સારો છે, ત્યારે તેણે રીતેશ દેશમુખનું નામ લીધું અને કહ્યું, 'મને લાગે છે કે તેની પાસે રમુજ કરવાની સારી સમજ છે.'

વાતચીતમાં જેમીએ આ વ્યવસાયમાં રહેલી અસલામતી અને લોકોની વધુ પડતી સંવેદનશીલતા વિષે પણ વાત કરી. જેમી એ સ્વીકાર્યું કે આજકાલ હાસ્ય કલાકારો જાહેરમાં શું કહે છે તે અંગે વધુ સાવધ રહે છે. 'મને લાગે છે કે અમે જે કઈ કહીએ છીએ તે અંગે અમે નર્વસ રહીએ છીએ. અમે એટલુ મુક્તપણે બોલી શકતા નથી.' એમ જેમીએ કહ્યું. તેણે વધુ માં કહ્યું કે ડાર્ક હ્યુમરને ઘણીવાર ગેરસમજ કરવામાં આવે છે. વળી, જેમીએ કોમેડીમાં લિંગ પૂર્વગ્રહ વિષે પણ ખુલીને વાત કરી. ' પુરુષ હાસ્ય કલાકારોને સ્ત્રી હાસ્ય કલાકારો કરતા વધુ સ્વતંત્રતા હોય છે. મને લાગે છે કે લોકો પુરષ હાસ્ય કલાકારોને વધારે સ્વીકારે છે. •

